# Bhidbhanjani No Garbo Gujarati Garba Lyrics

ભીડભંજની

શ્યામા સાંભળજો સાદ ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે….
અંબા અનાથોના નાથ ભીડભંજની
હેમ હડિોળે હીચતી રે….
હીચકે આરાસુરી માત ભીડભંજની
સખીઓ સંગાથે ગોઠડી રે….
આવી આઠમની રાત ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે

સર્વે આરાસુરી ચોકમાં રે….
આવો તો રમીએ રાસ ભીડભંજની
એવે સમે આકાશથી રે….
આવ્યો કરુણ પોકાર ભીડભંજની
કોણે બોલાવી મુજને રે….
કોણે કર્યો મુને સાદ ભીડભંજની
મધ દરયિે તોફાનમાં રે….
માડી ડૂબે મારું વ્હાણ ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે….

કીધી કમાણી શું કામની રે
જાવા બેઠા જ્યાં પ્રાણ ભીડભંજની
વાયુ ભયંકર ફૂંકતો રે….
આ વેરી થયો વરસાદ ભીડભંજની
પાણી ભરાણાં વ્હાણમાં રે….
એ કેમ કાઢ્યા જાય ભીડભંજની
આશાભર્યો હું તો આવયિો રે….
વ્હાલા જોતાં હશે વાટ ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે….

હૈયું રહે નહ હિાથમાં રે….
આજ દરયિે વાળ્યો દાટ ભીડભંજની
મારે તમારો આશરો રે….
આવો આવોને મોરી માત ભીડભંજની
અંબા હડિોળેથી ઊતર્યાં રે….
ઊતર્યાં આરાસુરી માત ભીડભંજની
સખીઓ તે લાગી પૂછવા રે….
તમે ક્યાંરે કીધાં પરયિાણ ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે….

વાત વધુ પછી પૂછજો રે…
આજ બાળ મારો ગભરાય ભીડભંજની
ભક્ત મારો ભીડ પડયિો રે….



GujaratiLyrics.com

હવે મારાથી કેમ ખમાય ભીડભંજની
કેમ કરી નારાયણી રે….
સહિ થયા અસવાર ભીડભંજની
ત્રિશૂળ લીધું હાથમાં રે….
એવું તાર્યું વણકિનું વ્હાણ ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે…

એવું અમારું તારજો રે….
માતા છો દીનદયાળ ભીડભંજની
ધન્ય જનેતા આપને રે….
ધન્ય દયાના નિધાન ભીડભંજની
પ્રગટ પરચો આપનો રે….
દયા કલ્યાણ ગુણ ગાય ભીડભંજની
ભીડ સેવકની ભાંગજો રે….
આ સમરે કરજો સહાય ભીડભંજની
અંબા અભયપદ દાયનિી રે….
અંબા અભયપદ દાયનિી રે….

GujaratiLyrics.com